श्री यजुर्वेदीय संध्यादि नित्यकर्म.

योजनार,

श्रीमत्परमहंस परिव्राजकाचार्य श्रीमद् जगद्गुरु
श्रीशारदापीठाधीश्वर शंकराचार्य महाराजश्रीना
शिष्य श्रीमत्परमहंस परिव्राजकः स्वामिश्री
अच्युताश्रमजी (काशीनिवासी)

छपावी प्रसिद्ध कर्ता कृपाकांक्षी
शेठ मोनजी वालजी तथा शेठ रणछोड वालजी.
ठे० नवी वारदान गली. मुंबई.

॥ श्री पाराशर स्मृति ॥

संध्या स्नानं जपो होम स्वाध्यायो देवतार्चनम् ।
वैश्वदेवातिथेयश्च षट्कर्माणि दिने दिने ॥

त्रिकाळ संध्या अधिकारी द्विज वर्णने विना मूल्ये
आपवामां आवशे.

आवृत्ति पहेली. प्रत १५००.

छापनार-ललुभाइ ईश्वरभाइ, निर्मळ प्रिंटिंग प्रेस
पीरमसा रोड—अमदावाद.

॥ ॐ ॥

॥ परमशिवो विजयते तमाम् ॥

પ્રસ્તાવના.

ત્રૈવર્ણ્ય પ્રજાને માટે વૈદિક પ્રસ્થાવના, સંધ્યોપાસના વિગેરે શ્રેય કર્તા છે આજકાલ દીર્ઘ દૃષ્ટીથી માલુમ પડે છે કે દ્વિજાતિમાં ઉપાસનાનો ફેરફાર ઘણોજ થઈ ગયેલો છે. સનાતન્ દ્વિજાતિ વર્ણે સનાતન્ વેદ શાસ્ત્રાદિ આજ્ઞાનો ભંગ કરેલો છે. બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય તે દ્વિજાતિ છે એમ વેદ શાસ્ત્રથી વિદીત થાય છે. આ દ્વિ-જાતિ વૈદિક કર્મના અધિકાર વડે શ્રેષ્ઠ ગણાય છે; પણ તેનો ત્યાગ કરવાથી તથા મરજી પ્રમાણે ચાલવાથી તે વર્ણ પતિત કહેવાય છે. તેમ વેદશાસ્ત્રનો સિદ્ધાંત છે. દ્વિજાતિ માત્રને વૈદિક સંસ્કાર ગર્ભથી લઇને ઉપનયન પર્યંત કરવો; ત્યારબાદ ખરેખર દ્વિજાતિય કહેવાય છે આ દ્વિજાતિ માત્રને ત્રણ રણ છે. દેવરણ, પિતૃરણ, અને ઋ-ષિરણ. ઉપનયન થયા પછી દ્વિજાતિયે ગાયત્રીની ઉપાસનાવડે, સં-ધ્યોપાસના, શ્રાદ્ધ, વૈશ્વદેવ, અગ્નિત્રય પંચદેવો પાસના તથા અતિ-થિસત્કાર વિગેરે સત્કર્મોવડે આ રણોથી મુક્ત થવું એવી ધર્મ શાસ્ત્રની આજ્ઞા છે. કોઇ પણ દ્વિજાતિય જો ત્રણ ત્રસ સંધ્યોપા-સના વિગેરે નિત્ય કર્મોથી વિરક્ત રહેતો તે ધર્મપતિત થયો કહે-વાય છે એવો વેદશાસ્ત્રનો સિદ્ધાંત છે. જે જે ધર્માચાર્યો પોતાના શિષ્યોને વૈદીક માર્ગમાં પ્રવર્તાવે છે યાતો વૈદીક કર્મ કરવા ફરજ

પાડે છે તે તે ધર્માચાર્યોજ પોતાની પદવીને લાયક છે, અને આથી વિરૂદ્ધ પંક્તિના ધર્માચાર્યો સહ શિષ્યો સાથે ઘોર નર્કમાં યાતો ઘોર અધોગતીમાં જનાર છે. કારણ કે વેદશાસ્ત્ર વિરૂદ્ધ વર્તન ચલાવવાથી વેદની મર્યાદાનો તેણે ભંગ કરેલો કહેવાય છે વેદ એજ સાક્ષાત્ ઇશ્વર છે માટે દ્વિજાતિ માત્રને અરસ્પરસ ધર્મોપાસના કરવી અને કરાવવી એ શ્રેયકારી છે. શંકર દિગ્વિજયમાં લખેલું છે કેઃ– " આ અખિલ સૃષ્ટિ બૌધમય હતી અને સમુદ્રાંત પર્યંત વૈદીક માર્ગ નષ્ટ ભ્રષ્ટ થઈ ગયો હતો અને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર સર્વ એક વર્ણ બૌધમાત્ર હતો પરંતુ પરમ કૃપાલુ શિવજીએ વર્ણાશ્રમ ધર્મ સંસ્થાપના માટે સનાતન્ ધર્મની રક્ષા, વેદનો જીર્ણોદ્ધાર તથા શ્રુતિઓનાં રહસ્ય સમજાવવા માટે અવતાર લઇને આખા ભારત વર્ષમાંથી બૌધોને નીકાલી દીધા હતા ત્યારબાદ સનાતન્ વેદમર્યાદા બાંધી ચાર દીશામાં ચાર મઠ બાંધીને ત્રણ પ્રસ્થાન કરીને બત્રીશ વર્ષની ઉમરે કૈલાસ પધારી ગયા હતા. " અદ્યાપિ પર્યંત સનાતન્ ધર્મ ચાલ્યો આવે છે. પરંતુ આજકાલ જોતાં માલુમ પડે છે કે સનાતન ધર્મના ત્રણ પગ તુટી ગયા છે અને એક પગ બાકી રહેલો છે તે ધર્માચાર્યોના હાથમાં છે. માટે ધર્માચાર્યોએ પોતાના શિષ્યોને સનાતન્ વૈદિક માર્ગનો બોધ આપવો એ ઉચિત છે આમ નહીં થાયતો પછી નાસ્તિક લોકો આર્યસમાજાદિક પ્રતિમાદિક સર્વ વૈદીક સનાતન્ ધર્મનો નાશ કરશે માટે આપણે સર્વ ભાઇઓએ કટીબદ્ધ થઇ આપણા સનાતન વૈદીક માર્ગનું સેવન કરવું એ આપણું કર્તવ્ય છે. આપણી કેટલી ભુલ છે કે આપણે આપણા દેવોની આપસ આપસમાં નિંદા કર્યા કરીએ છીએ. શિવ અને વિષ્ણુ એ સનાતન દેવો છે સ્વયંભુ છે અને એકજ છે તેમાં કશો ભેદ નથી.

વળી આપણા ધર્મશાસ્ત્રમાં કોઇની નિન્દા નહીં કરવી એમ લખેલું છે તો તે પ્રમાણે વર્તન રાખવું જોઇએ. વળી મહેશ્વર ને વાસુદેવ તો સાક્ષાત્ પરબ્રહ્મ છે એની નિંદા કરવી તેતો ઘોર નર્કના દ્વારને ભેટવા જેવું છે તેમ શાસ્ત્રનો સિદ્ધાંત છે. કેટલાક મૂર્ખ કલિમુર્તિઓ શિવની નિંદા કરે છે અને વેદાર્થ યાતો શિવને જાણ્યા વિના તેને વિષે જેમ આવે તેમ બકયા કરે છે. શિવ અને વિષ્ણુ એકજ છે તેમ વેદ સિદ્ધાંતોથી સાબીત થાય છે. તે માટે તેમાં કોઈ પણ પ્રકારનો ભેદ માનવો યાતો તેની નિન્દા કરવી એતો મહા પાપ છે. આધુનીક સમયની કેટલીએક અજ્ઞાત પ્રજા શિવને કૃષ્ણના ભક્ત માને છે. એ તેઓની સામાન્ય અજ્ઞાનતાજ દર્શાવી આપે છે. પરંતુ નીચેના કેટલાએક વેદ શાસ્ત્રોના દાખલા ઉપરથી સાબીત થાય છે કે શિવ અને વિષ્ણુ અરસ્પરસ એક બીજાના ભકતો છે. જેથી એમ માનવામાં આવે છે કે શિવ કૃષ્ણના ભક્ત છે તથા કૃષ્ણ શિવના ભક્ત છે. વાલ્મિકી રામાયણમાં યુદ્ધ કાંડમાં રામચંદ્રજીએ સીતાજીને કહેલું છે કેઃ—

॥ श्लोक ॥

अत्र पूर्वं महादेवः प्रसादमकरोद्विभुः
सेतुबंध इति ख्यातं त्रैलोक्येनचपूजितम् ।
सेतुमध्ये महादेव मीशानं कृति वाससं
स्थापयामास लिंगस्थ पूजयामास राघवः ॥

અર્થઃ—" અયોધ્યામાં જતી વખતે શ્રીરામચંદ્રજીએ શ્રીસીતાજીને કહેલું છે કે હે સીતે આ જગા ઉપર મારાપર સર્વ વ્યાપક

પરમ દયાલુ માહાદેવ પ્રસન્ન થયા હતા તે માહાદેવ ચૌદ લોકના ઇશ્વર છે. મેં તેમની પૂજા કરીને તેમને પ્રસન્ન કર્યા હતા અને સેતુબંધ એવા નામથી તે પ્રખ્યાત છે. રામેશ્વર રામના ઇશ્વરના નામથી પ્રખ્યાત છે." રામે નિરંતર શિવનું પૂજન કરેલું છે અને તેની કૃપાથી રામે રાવણને જીત્યો છે આ સઘળું રામાયણથી સિદ્ધ થાય છે. વળી માહાભારત સૌપ્તિક પર્વમાં માહાદેવજીએ અશ્વત્થામા પ્રતિ કહેલું છે કેઃ—

॥ श्लोक ॥

सत्यंसौचार्जव त्यागः तपसा नियमेन च ।
क्षान्त्या च धृत्या च बुध्या च वचसा तथा ॥
यथा वद्हमाराधः कृष्णनाक्लिष्टकर्मणा
तस्मादिष्ट तमः कृष्णदन्यो मम न विद्यते ॥

અર્થઃ—મહાદેવજી અશ્વત્થામાને કહે છે કે મને શ્રીકૃષ્ણથી બીજું કોઇ ત્રૈલોકમાં પ્રીય નથી કારણકે હિમાલય પર્વતમાં કૃષ્ણે પોતે આવીને મારૂં દારૂણ તપ પુત્રની કામનાર્થે કર્યું છે. સત્યથી, પવિત્રતાથી, કપટ રહિત રાજ વિગેરે સર્વ વૈભવોનો ત્યાગ કરીને તથા સર્વ ઇન્દ્રિયોને નિયમમાં રાખીને ઘણીજ ધીરજથી શાંન્તિ પૂર્વક મનવાણી નિયમમાં રાખીને બાર વર્ષ સુધી મારૂં આરાધન કરેલું છે. તેથી હે અશ્વત્થામા કૃષ્ણ મને અત્યંત પ્રિય છે. ત્યારબાદ મેં તેને વાંચ્છિત વરદાન આપીને દ્વારકા મોકલાવ્યા હતા તેથી કૃષ્ણ ત્રૈલોક્ય પૂજ્ય તથા અપરાજિત થયા હતા અને મારા વરદાનથી તેને ઘણી સ્ત્રીઓ તથા ઘણુંજ ઐશ્વર્ય પ્રાપ્ત થયું હતું

તેથી તેની પ્રજા માહેશ્વરી પ્રજાના નામથી ઓળખાય છે, અને શ્રીકૃષ્ણ ભગવાન પોતે પણ પોતાના મુખથી કુરૂક્ષેત્રમાં ભીષ્મ તથા રાજા યુધિષ્ઠિર તથા સર્વે રૂષિયોની પ્રતિ કહે છે કેઃ—

॥ श्लोक ॥

ब्रह्मचर्य महद्‌घोरं तीर्वाद्वादश वार्षिकम्
हीमवत् पार्श्वमास्थाय योमया तपसार्जितः ।
समान वृत चारिण्यं योन्व जायत
सनत्कुमार स्तेजास्वि प्रद्युम्नो नाम मे सुतः ॥

અર્થઃ—શ્રીકૃષ્ણ ભગવાન યુધિષ્ઠિર રાજાદિ પ્રત્યે કહે છે કે મેં વ્યાસના પુત્ર ઉપમન્યુની પાસેથી મંત્ર લઇને રૂક્ષમણિના કહેવાથી હિમાલયમાં જઇને અખંડ બ્રહ્મચર્ય વૃત સેવીને બાર વર્ષ સુધી શ્રી માહાદેવજીનું આરાધન કર્યું હતું તેથી માહાદેવજીએ મારા ઉપર પ્રસન્ન થઇને સતી શીરોમણી રક્ષમણીથી ઉત્પન્ન થયેલો એવો પ્રદ્યુમન્ નામનો મહા તેજસ્વી પુત્ર થયો તે પણ મને માહાદેવજીના પ્રસાદથીજ મળ્યો હતો તે શિવાય મને કેટલાંએક વરદાનો માહાદેવજીએ આપીને મારા ઉપર મોટો અનુગ્રહ કરેલો છે માટે હે રાજા યુધિષ્ઠિર આસુતોષ એવા શિવજી તેના કરતાં બીજા કોઇ પણ દેવ મારા જાણવામાં નથી માટે તેની સેવાથી વાંચ્છિત ફલ પ્રાપ્ત થાય છે.

આ સઘળું માહાભારત તથા વાલ્મિકી રામાયણથી સિદ્ધ થઇ શકે છે. કાશી ખંડમાં પણ લખ્યું છે કે વિષ્ણુએ કરોડો વર્ષ શિવજીનું તપ કરીને આધ કાશી પ્રાપ્ત કરી છે. કેદાર ખંડમાં હિમા-


ક્ષય વિવર્ણમાં લખ્યું છે કે વિષ્ણુએ નર અને નારાયણ એવાં બે રૂપ ધરી ધર્મ રાજાને ત્યાં પુત્ર તરીકે જન્મ લીધેલો છે, અને બેઉ પુરાણ મુનીયો એ હિમાચલમાં આવીને અખંડ બ્રહ્મચર્ય પાળીને શ્રી માહાદેવજીનું પૂજન કરી ત્યાં આગળ જ્યોતિર્લિંગ કેદારનાથનું સ્થાપન કરીને લાખો વર્ષ સુધી તેનું આરાધન કરેલું છે તેથી નર અને નારાયણ એ ભારત વર્ષના દેવો કહેવાય છે. આ સઘળાથી એમ માલુમ થાય છે કે મોટામાં મોટા અને બધાના ઉપાસ્ય દેવ ધર્મ અર્થ કામ અને મોક્ષના પ્રદાત શિવજીજ છે કારણ કે વેદમાં શિવને અષ્ટ મૂર્તિ માનેલા છે. સૂર્ય, ચંદ્ર, આકાશ, વાયુ, તેજ, એ સમસ્ત શિવના આઠ મૂર્તિ છે તેથી અષ્ટ મૂર્તિ શિવ કહેવાય છે તેમ વેદમાં જોવામાં આવે છે. મારા સિદ્ધાંતથી તો શિવ અને વિષ્ણુ એકજ છે પરંતુ અજ્ઞાત પ્રજા શિવજી ઉપર દોષારોપણ કરે છે તેને માટે લખવું પડયું છે. વિશેષ જોવું હોય તો અમારો બનાવેલો **હરિહર અદ્વૈત ગ્રંથ** જોવાથી સર્વ વિદિત થાશે.

લી૦ સર્વજન હિતાર્થ

શ્રી મત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય

કાશિનિવાસી દંડીસ્વામીશ્રી

અચ્યુતાશ્રમજી.



॥ श्री शारदाम्बा विजयतेतराम् ॥

॥ ॐ श्रीमत्परमहंस परिव्राजकाचार्य श्री जगद्गुरु शंकराचार्य शारदापीठाधीश्वराय नमः ॥

॥ श्री यजुर्वेदीय संध्यादि नित्यकर्म ॥

પ્રાતઃકાળમાં ઊઠી નીચેના શ્લોકથી પ્રાતઃસ્મરણ કરવું.

विश्व दर्पण दृश्यमान नगरी तुल्यं निजांतर्गतं
पश्यन्नात्मन मायया बहिरिवो द्भुतं यथा निद्रया।
यःसाक्षात्कुरुते प्रबोध समये स्वात्मानमेवाद्वयम्
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्री दक्षिणा मूर्तये ॥१॥
बीजस्यां तरिवांकुरो जगदिदं प्राङ्गनिर्विकल्पं पुनर्
माया कल्पित देशकाल कलना वैचित्र्यचित्रीकृतम्।
मायावीवविजृंभयत्यपि महायोगीव यः स्वेच्छया
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणा मूर्तये ॥२॥

પછી જળના બે કોગળા કરી આંખને જળનો સ્પર્શ કરી શૌચ જવા માટે જવું. શૌચ જઈ ડાબો હાથ માટી તથા જળવડે દશવાર, બન્ને હાથ પાંચવાર, પગ ત્રણવાર, એ અનુક્રમે ધોઈ જળના બાર કોગળા કરવા ને નીચેના મંત્રથી એકવાર આચમન કરવું.

॥ आचमन मंत्र ॥

ॐ केशवायनमः॥ ॐ माधवायनमः॥ ॐ गोविंदायनमः॥

પછી નીચેના દિવસનો ત્યાગ કરીને દાતણ કરવું. અમાવાસ્યા, શ્રાદ્ધ, રવિવાર, ઉપવાસના દિવસો, માતા પિતાની સંવત્સરી એ ત્યાગ કરેલા દિવસે માટીથી દાંતને સાફ કરી કોગળા કરવા; પછી સ્નાન કરવું, કદાપિ સ્નાનનો અવકાશ ન હોયતો પેહેરેલું વસ્ત્ર બદલી નાંખી વ્યવહારી કાર્ય કરવું.

॥ स्नान विधि ॥

ગરમ જળ ત્રાંબાના પાત્રમાં નાંખી નિચેનો મંત્ર બોલી સ્નાન કરવું.

॥ स्नान मंत्र ॥

गंगेच यमुनेचैव गोदावरी सरस्वति
नर्मदे सिंधु कावेरी जलेऽस्मिन् सन्निधिकुरु ॥

સ્નાન કર્યા પછી ઉપરના મંત્રવડે આચમન કરવું, ત્યારબાદ ધોએલું વસ્ત્ર ધારણ કરી, ડાબા ખભા ઉપર એક વસ્ત્રનો કકડો રાખી, એકાંત અને પવિત્ર જગોએ નીચેના ક્રમથી આસન નાંખી સ્વસ્થ ચિત્તથી બેસવું, નીચે દર્ભ, ઉપર મૃગચર્મ ને તે ઉપર ઊન વસ્ત્ર એ રીતે આસન નાંખીને પૂર્વ કે ઊત્તરાભિ મુખે બેસવું. પછી ડાબા હાથમાં ભસ્મ લઇ તે ઉપર જમણો હાથ ઢાંકી નીચેના મંત્રથી ભસ્મને મંત્રવી.

॥ भस्म मंत्रः ॥

ॐ अग्निरिति भस्म, वायुरिति भस्म, जलमिति भस्म, स्थलमिति भस्म, व्योमेति भस्म, सर्वं ह्वा इदं भस्म, मन एतानि चक्षुंषि भस्मानि.

એ મંત્રવડે મંત્રી તેમાં જળ મેળવવું.

ॐ आपो ज्योति रसोऽमृतं ब्रह्म भूर्भुवः स्वरोम् ॥

પછી બન્ને હાથની વચલી ત્રણ આંગળીઓવડે તે ભસ્મને મસળતી વખતે નીચેનો મંત્ર બોલવો.

ॐ त्र्यंबकं यजामहे सुगंधिं पुष्टि वर्धनम् ।
उर्वारुकमिव बंधनान्मृत्योर्मुक्षीयमा मृतात् ॥

પછી સૂર્યને પ્રદર્શિત કરી તે ભસ્મવડે લલાટ, કંઠ, હૃદય, ખભા ને બાહુઓની સંધિઓ ઉપર **ॐ नमःशिवाय** એ મંત્રવડે ત્રિપુંડ્ર કરવાં. પછી નીચેનો ગાયત્રી મંત્ર ભણીને શિખા બાંધવી.

ॐ भूर्भुवःस्वः ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियोयोनः प्रचोदयात् ॐ ॥

પછી નીચેના મંત્રવડે ત્રણ આચમન કરવાં.

ॐ भूः पुनातु । ॐ भुवःपुनातु । ॐ स्वः पुनातु ॥

પછી નીચે લખવામાં આવેલ મંત્ર બોલી માથા ઉપર જમણા હાથના આંગળાવડે થોડું જળ છાંટવું, એટલે માર્જન કરવું.

॥ मार्जन मंत्र ॥

ॐ अपवित्रः पवित्रो वा सर्वावस्थांगतोऽपिवा
यःस्मरेत्पुंडरीकाक्षं सबाह्याभ्यंतरःशुचिः ॥

માર્જન થઈ રહ્યા પછી નીચેનો મંત્ર બોલી આસનને જળ છાંટવું

ॐ पृथ्वि त्वया धृता लोका देवि त्वं विष्णुना धृता
त्वं च धारयमां देवि पवित्रं कुरु चासनम् ॥

ત્યાર પછી આચમન લઇ ત્રણ પ્રાણાયમ કરવા,

પ્રાણાયમ વિધિ—આંખો બંધ રાખી મોં બંધ કરીને જમણા હાથની ટચલી તથા તેની જોડેની આંગળીવડે નાકનું ડાબું છિદ્ર બંધ કરી જમણા નસકોરાંથી નીચે લખવામાં આવેલો મંત્ર એકવાર બોલતાં સુધી શ્વાસ અંદર ખેંચવો (એ ક્રીયાનું નામ પૂરક છે) પછી અંગુઠાવડે નાકનું જમણું છિદ્ર પણ બંધ કરવું, ને બેવાર તેજ મંત્ર મનમાં ભણતાં સુધી શ્વાસને તદ્દન બંધ રાખવો પછી ડાબું નસકોરૂં ખુલ્લું મૂકી એકવાર તેજ મંત્ર મનમાં ભણતાં સુધી જેવી રીતે શ્વાસ લીધો હોય તેવીજ રીતે ધીમે ધીમે પાછો શ્વાસ નીચે ઊતારવો. પુનઃ ઉપર કહેલી રીતે ડાબે નસકોરેથી ખેંચવો બન્ને નસકોરાં બે વખત ભણતાં સુધી બંધ રાખવાં ને જમણે નસકો·રેથી એકવાર મંત્ર ભણતાં સુધી ઊતારવો, એટલે એક પ્રાણાયામ થયો. આવા ત્રણ પ્રાણાયમ કરવા.

3८९५

॥ प्राणायाम मंत्र ॥

ॐ भूः ॐ भुवः ॐ स्वः ॐ महः ॐ जनः ॐ तपः ॐ सत्यं ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियोयोनः प्रचोदयात् । ॐ आपो ज्योतीरसोऽमृतं ब्रह्म भूर्भुवः स्वरोम् ॥

પછી નીચે બતાવેલી રીતે જળની આચમની ભરીને જમણા હાથમાં સંકલ્પ કરવો.

॥ संकल्प ॥

॥ अत्राद्य महामांगल्यप्रदे अमुकमासे अमुकपक्षे अमुकतिथौ अमुक वासरे अमुकगोत्रोत्पन्नोहं यथावर्तमान नक्षत्रयोगकरणलग्नमुहूर्त समवाये एवं ग्रहगणविशिष्टायाम शूभ पूण्य तिथौ ममो पात्त दुरितक्षयार्थं प्रातः संध्योपासन करिष्ये ॥

એમ બોલી આચમનીનું જળ તરભાણામાં નાંખવું, પછી બન્ને હાથ જોડીને નીચેના મંત્રથી ગાયત્રીનું આવાહન કરવું.

॥ आवाहन मंत्रः ॥

ॐ गायत्रीं त्र्यक्षरां बालां साक्ष सूत्र कमंडलुम् ।
रक्त वस्त्रां चतुर्हस्तां हंस वाहन संस्थिताम् ॥१॥

ब्रह्माणीं ब्रह्म दैवत्यां ब्रह्मलोक निवासिनीम् ।
आवाहयाम्यहं देवी मायांति सूर्य मंडलात् ॥२॥
आगच्छ वरदे देवी ऽयक्षरे ब्रह्मवादिनी ।
गायात्रि छंदसः मात ब्रह्मयोनि नमो स्तुते ॥३॥

એ પ્રમાણે આવાહન કર્યા પછી નીચેના મંત્રો બોલી મસ્તક ઉપર માર્જન કરવું (માથા ઉપર થોડું પાણી છાંટવું,)

॥ मार्जन मंत्रः ॥

ॐ आपो हिष्ठा मयो भुवस्ता न ऊर्ज्जे दधातन । महेरणाय चक्षसे ॥१॥ ॐ योवः शिवतमो रसस्तस्य भाजयतेहनः । उशतीरिव मातरः ॥२॥ ॐ तस्मा अरङ्गः मामवो यस्य क्षयाय जिन्वथ । आपो जन यथाचनः ॥३॥

પછી નીચેનો મંત્ર બોલી એક આચમન કરવું અથવા ગાયત્રી મંત્રવડે એક આચમન કરવું.

॥ मंत्र ॥

(ॐ सूर्यश्च मामन्यूश्च मन्यूपतयश्च मन्युकृतेभ्यः पापेभ्यो रक्षंताम्, यद्राज्या पापमकार्षम् मनसा वाचा हस्ताभ्याम, पद्भ्यामुदरेण शिश्ना, रात्रिस्तदवलुं पतु, यत्किंचित् दुरितं मयि, इदंमहं मामृतयोनो, सूर्ये ज्योतिषि जुहोमि स्वाहा ॥

॥ गायत्री मंत्रः ॥

ॐ भूर्भुवः स्वः ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो योनः प्रचोदयात् ॥

પછી જમણા હાથમાં જળ લઇ ડાબા હાથના અંગુઠાવડે નાકનું ડાબું છિદ્ર દબાવી રાખી જમણા નસ્કોરામાંથી થોડો પવન નીચેનો મંત્ર ભણી હથેળીના જળમાં કાઢવો.

॥ अघमर्षण मंत्र ॥

ॐ द्रुपदादिव मुमुचानः स्विन्नःस्नातो मलादिव ॥
पूतं पवित्रेणे वाज्यमापेण शुन्धन्तु मैनसः ॥

ત્યારબાદ મંત્રેલુ જળ પોતાની ડાબી બાજુ તે તરફ જોયા વગર ફેંકી દેવું.

પછી પોતાના આસન ઉપર ઊભા થઇ નીચેના મંત્રવડે સૂર્યને અર્ધ્યં આપવા અને ઉપસ્થાન કરવું.

॥ अर्घ्यमंत्र ॥

ॐ भूर्भुवः स्वः ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो योनः प्रचोदयात् ॥

અઘમર્ષણ કરી રહ્યા પછી આચમન લઇ સૂર્યની સામા ઊભા રહી અર્ધ્યામાં જળ લઈ સૂર્યને ઉપરના ગાયત્રી મંત્રથી ત્રણ અર્ધ્ય આપવા, સંધ્યાનો વખત વીતિ જાયતો એક અર્ધ્ય વધારે એટલે ચાર અર્ધ્યં આપવા. પછી નીચેના મંત્રવડે ઉપસ્થાન કરવું.

॥ उपस्थान मंत्रः ॥

ॐ उद्वयन्तमसस्परिस्वः पश्यन्त उत्तरम् । देवन्देवत्रा सूर्यमगन्माज्योतिरुत्तमम् । ॐ उदुत्यं जातवेदसं देवं वहन्ति केतवः । दृशे विश्वायसूर्यम् ॥१॥ ॐ चित्रं देवाना-मुदगादनीकं चक्षुर्मित्रस्य वरुण स्याग्नेः ॥ आप्राद्यावा पृथिवी अन्तरिक्षं सूर्य आत्मा जगतस्तस्थुषश्च ॥ २ ॥ ॐ तत्चक्षुर्देवहितम् पुरस्ताच्छुक्रमुच्चरत् पश्येम शरदः शतम् जीवेद शरदः शतम् शृणुयाम शरदः शतम् प्रब्रवाम शरदः शतमदीनाः स्यामभूयश्चशरदः शतात् ॥

એ પ્રમાણે ઉપસ્થાન થઈ રહ્યા પછી ઊભા રહીને ૩૨૪ અથવા ૧૦૮ અથવા ૨૮ અથવા ૧૦ ગાયત્રી મંત્રનો જપ કરવો. જપ થઇ રહ્યા બાદ ગાયત્રીનું નીચેના મંત્રથી વિસર્જન કરવું,

॥ विसर्जन मंत्र ॥

ॐ उत्तमे शिखरे जाता भूम्यां पर्वत मूर्धनि ॥
बाह्मणेभ्योऽभ्यनुज्ञाता गच्छ देवि यथासुखम्

ગાયત્રીનું વિસર્જન કર્યા પછી ગુરૂને તથા દેવને મનવડે નમસ્કાર કરીને આચમનીમાં જળ ભરીને નીચે પ્રમાણેનો મંત્ર બોલી સંકલ્પ મૂકી સંધ્યાની સમાપ્તિ કરવી, ને તે પાણી તરભાણામાં રેડવું.

अनेन प्रातःसंध्याख्येन कर्मणा श्रीभगवान् परमेश्वरः प्रीयतां न मम ॥ ॐ तत्सत् ब्रह्मार्पणमस्तु ॥

॥ इति प्रातःसंध्या ॥

॥ अथ तर्पण प्रयोग ॥

તર્પણ પ્રાતઃકાળની સંધ્યા કર્યા પછી એક વખત કરવું, આસન ઉપર પૂર્વ કે ઉત્તરાભિમુખે બેશી ગાયત્રી મંત્રવડે આચમન તથા પ્રાણાયામ કરી નિચે પ્રમાણે સંકલ્પ કરવો.

॥ संकल्प मंत्र ॥

ॐ अत्राद्य महामांगल्यप्रदे अमुकमासे अमुकपक्षे अमुकतिथौ अमुकवासरे अमुकगोत्रोत्पन्नोहं ॐ तत्सत् परमेश्वर प्रीत्यर्थं देवऋषि मनुष्य पितृ तर्पणमहं करिष्ये ॥

પછી ત્રાંબાના તરભાણામાં તલ (અથવા ચોખા) અને જળ મેળવી નીચેનો મંત્ર ભણી એક અંજલી દેવ ઋષિ તથા પિતૃઓને આપવી.

॥ अंजलि मंत्र ॥

ॐ आब्रह्मस्तंबपर्यंतं देवर्षि पितृ मानवाः तृप्यंतु पितरः सर्वे मातृ माता महादयः ॥ अतीत कुलकोटीनां सप्त द्वीप निवासिनाम् ॥ आ ब्रह्म भुवनाल्लोकादिदमस्तु तिलोदकम् ॥

એ અંજલિ આંગળીઓના અગ્ર ભાગથી આપવી, પછી નિચે પ્રમાણે અર્પણનું ઉચ્ચારણ કરી તર્પણની સમાપ્તિ કરવી.

अनेन यथाशक्ति देवऋषि मनुष्य पितृतर्पणाख्येन कर्मणा पितृ ऋषि जनार्दन वासुदेवः प्रीयतां न मम ॥

इति तर्पण प्रयोगः ॥

॥ अथ वैश्वदेव प्रयोगः ॥

પવિત્ર ભૂમીપર સન્મુખ કુન્ડ રાખી તેમાં જે અગ્નિપર પાક કર્યો હોય, તે અગ્નિને સ્થાપન કરી તથા તેની પાસે તાંબાના પાત્રમાં ધીવાળો ભાત રાખીને પૂર્વાભિમુખે કે ઉત્તરાભિમૂખે બેસવું. આચમન ગાયત્રી મંત્રવડે કરીને પ્રાણાયમ કરવો. પછી નીચે લખ્યા પ્રમાણે સંકલ્પ કરવો.

ॐ अत्राद्य महामांगल्यप्रदे अमुकमासे अमुकपक्षे अमुकतिथौ अमुकवासरे श्री परमेश्वर प्रीत्यर्थं वैश्वदेवाख्य कर्माहं करिष्ये ॥

પછી કુંડમાંના અગ્નિને વાંસની ભુંગળીથી ફુંકીને પ્રજ્વલિત કરી તેમાં નિચેના મંત્રવડે આહુતિઓ આપવી.

॥ आहुति मंत्रः ॥

ॐ भूः स्वाहा इदंमग्नयेनमम ॥ ॐ भुवः स्वाहा

इदं वायवे न मम । ॐ स्वः स्वाहा इदं सूर्यायनमम ॥ ॐ भूर्भुवःस्वःस्वाहा इदं प्रजापतयेनमम ॥ ॐ अग्नये स्विष्ट-कृते स्वाहा इदमग्नये स्विष्टकृतेनमम ॥

એ પ્રમાણે જમણા હાથની વચલી બે આંગળીઓ તથા અંગુઠાવડે બોર જેવડી પાંચ આહુતિઓ ઉપરના મંત્રવડે ભાતની આપવી ને પછી અગ્નિનું નીચેના મંત્રવડે વિસર્જન કરવું.

॥ विसर्जन मंत्रः ॥

गच्छ गच्छ सुरश्रेष्ठ स्वस्थाने परमेश्वर । यत्र ब्रह्मा-द्योदेवास्तत्रगच्छहुताशन ॥

अनेन वैश्वदेवाख्येन कर्मणा श्रीपरमेश्वर प्रीयतां न मम ॥ ॐ तत्सत्ब्रह्मार्पणमस्तु इति ॥

॥ बलि मंत्र ॥

ॐ अग्नये स्वाहा ॐ सोमाय स्वाहा ॐ अग्नि सो-माभ्याम् स्वाहा । ॐ विश्वेभ्यो देवेभ्यःस्वाहा । ॐ धन्वतरये स्वाहा । ॐ कुह्वै अमायै स्वाहा । ॐ पौर्णमास्यै अनुमत्यै स्वाहा । ॐ द्यावा पृथिवीभ्याम् स्वाहा । ॐ अग्नये स्विष्ट कृते स्वाहा । ॐ इंद्राय नमः इंद्रपुरुषेभ्योनमः । ॐ यमाय-नमः ॐ यमपुरुषेभ्योनमः ॐ वरुणायनमः ॐ वरुणपुरुषे

भ्योनमः । ॐ सोमायनमः सोमपुरुषे भ्योनमः। ॐ श्रियै नमः । ॐ भद्रकाल्यै नमः । ॐ ब्रह्मवास्तोस्पतिभ्यांनमः ॐ विश्वेभ्यो देवेभ्यः । ॐ दिवाचरेभ्यो भूतेभ्योनमः । ॐ नक्तंचरेभ्योनमः । ॐ सर्वात्म भूतयेनमः

॥ इति वैश्वदेव ॥

॥ अथ भोजनविधि ॥

સ્વસ્થ રીતે ભોજન કરવાના સ્થાનમાં જઈ પાટલા ઉપર અથવા નીચે બેસવું ત્યારબાદ મળતા પાત્રમાં ભોજન પીરસાવવું, પછી હાથથી જળ લઇ ભોજનના પાત્રની આસપાસ જમણી બાજુથી આરંભી ગાયત્રી મંત્રથી પ્રદક્ષિણા કરી પ્રોક્ષણ કરવું. ત્યાર પછી નીચે લખ્યા મંત્રવડે ભાતધીના ત્રણ ગ્રાસ પાણી છાંટી પૃથ્વી ઉપર મૂકવા.

॥ बलिदान मंत्र ॥

ॐ भूपतये स्वाहा ॥ ॐ भूवनपतये स्वाहा ॥ ॐ भूतानाम्पतये स्वाहा ॥

ત્યારબાદ ગાયત્રી મંત્રવડે આચમન કરીને નીચે લખેલા મંત્રાથી ઘીભાતની પાંચ આહુતીઓ પ્રાણને આપવી, એટલે થોડા થોડા પાંચ ગ્રાસ લેવા.

ॐ प्राणाय स्वाहा ॥ ॐ अपानाय स्वाहा ॥ ॐ व्यानाय स्वाहा ॥ ॐ उदानाय स्वाहा ॥ ॐ समानाय स्वाहा ॥

પછી ગાયત્રી મંત્રવડે એક આચમન કરીને જળથી ડાબા હાથવડે આંખ અને કાનને સ્પર્શ કરવો. પછી યથારૂચિ ભોજન કરવું. ભોજન કરતાં કીંચિત પાત્રમાં રહ્યું હોય, તે એકઠું કરી પાત્રથી ડાબી બાજુએ મૂકી એક આચમન કરી બહાર આવવું. પછી મુખ પ્રક્ષાલન કરી ચાર, આઠ કે બાર કોગળા કરી મુખ શુદ્ધિ કરવી.

॥ इति भोजनविधि ॥

॥ अथ माध्याह्न संध्या ॥

માધ્યાન્હ સંધ્યા પણ પૂર્વાભિમુખે બેશી કરવી.

॥ भस्म मंत्रः ॥

ॐ अग्निरिति भस्म, वायुरिति भस्म, जलमिति भस्म, स्थलमिति भस्म, व्योमेति भस्म, सर्वं हवा इदं भस्म, मन एतानी चक्षुंषि भस्मानि.

એ મંત્રવડે મંત્રી તેમાં નીચેના મંત્રથી જળ મેળવવું.

ॐ आपो ज्योति रसोऽमृतं ब्रह्म भूर्भुवः स्वरोम्

પછી બંને હાથની વચલી ત્રણ આંગળીઓવડે તે ભસ્મને મસળતી વખતે નીચેનો મંત્ર બોલવો.

ॐ त्र्यंबकं यजामहे सुगंधिं पुष्टि वर्धनम् उर्वारुक मिव बंधनान्मृत्यो र्मुक्षीय माऽमृतात् ॥

પછી સૂર્યને પ્રદર્શિત કરી તે ભસ્મવડે લલાટ, કંઠ, હૃદય, ખભા ને બાહુઓની સંધિઓ ઉપર **ॐ नमः शिवाय** એ મંત્રવડે ત્રિપુંડ્ર કરવાં પછી નીચેનો ગાયત્રી મંત્ર ભણીને શિખા બાંધવી.

ॐ भूर्भुवःस्वः ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो योनः प्रचोदयात् ॐ

પછી નીચેના ત્રણ મંત્રવડે ત્રણ આચમન કરવાં.

ॐ भूः पुनातु ॥ ॐ भवः पुनातु ॥ ॐ स्वः पुनातु ॥

પછી નીચે લખવામાં આવે છે તે મંત્ર બોલીને માથા ઉપર જમણા હાથના આંગળાંવડે થોડું જળ છાંટવું એટલે માર્જન કરવું.

मार्जन मंत्रः ॥

ॐ अपवित्रः पवित्रोवा सर्वावस्थां गतोऽपिवा ।
यः स्मरेत्पुंडरीकाक्षं स बाह्याभ्यंतरः शुचिः

માર્જન થઇ રહ્યા પછી નીચેનો મંત્ર બોલી આસનને જળ છાંટવું.

ॐ पृथ्वित्वया धृता लोका देवित्वं विष्णुना धृता त्वंच धारय मां देवि पवित्रं कुरु चासनम् ॥

ત્યાર પછી આચમન કરી પ્રાણાયામ કરવા.

પ્રાણાયામ વિધિ—આંખો બંધ કરીને જમણા હાથની ટચલી તથા તેની જોડેની આંગળીવડે નાકનું ડાબુ છિદ્ર બંધ કરી જમણા નસ્કોરાથી નીચે લખવામાં આવ્યો છે તે મંત્ર એકવાર બોલતાં સુધી શ્વાસ અંદર ખેંચવો (એ ક્રીયાનું નામ પૂરક છે.)

પછી અંગુઠાવડે નાકનું જમણું છિદ્ર પણ બંધ કરવું ને બે-બાર તેજ મંત્ર મનમાં ભણતાં સુધી શ્વાસને તદ્દન બંધ રાખવો. પછી ડાબુ નસ્કોરૂં ખુલ્લુ મૂકી એકવાર તેજ મંત્ર મનમાં ભણતાં સુધી જેવી રીતે શ્વાસ લીધો હોય, તેવીજ રીતે ધીમેધીમે પાછો શ્વાસ નીચે ઊતારવો. પુનઃ ઉપર કહેલી રીતે ડાબે નસ્કોરાથી ખેંચવો. બન્ને નસ્કોરાં બે વખત ભણતાં સુધી બંધ રાખવાં ને જમણે નસ્કોરેથી એકવાર મંત્ર ભણુતાં સુધી ઊતારવો એટલે એક પ્રાણાયામ થયો આવા ત્રણ પ્રાણાયામ કરવા.

॥ प्राणायाम मंत्रः ॥

ॐ भूः ॐ भूवः ॐ स्वः ॐ महः ॐ जनः ॐ तपः ॐ सत्यं ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियोयोनः प्रचोदयात् । ॐ आपो ज्योति रसोऽमृतं ब्रह्म भूर्भुवः स्वरोम् ॥

પછી નીચે બતાવેલી રીતે જળની આચમનિ ભરીને જમણા હાથમાં સંકલ્પ કરવો.

॥ संकल्पः ॥

अत्राद्य महामांगल्यप्रदे अमुकमासे अमुकपक्षे अमुक

तिथौ अमुकवासरे अमुकगोत्रोत्पन्नोहं यथा वर्तमान नक्षत्र योग करण लग्न मुहूर्त्त समवाये शुभ पुण्य तिथौ ममो पात्त दुरित क्षयार्थं माध्यान्ह संध्योपासन महंकरिष्ये ॥

એમ બોલી આચમનીનું જળ તરભાણામાં નાંખવું, પછી બન્ને હાથ જોડીને નીચેના મંત્રથી ગાયત્રીનું આવાહન કરવું.

आवाहन मंत्रः ॥

ॐ सावित्रीं युवतिं शुक्लां शुक्ल वस्त्रां त्रिलोचनाम्
त्रिशूलिनीं वृषारूढां यजुर्वेदेन संस्थिताम् ॥१॥
रुद्राणीं रुद्र दैवत्यां रुद्रलोक निवासिनीम् ।
सावित्रि छंदसां माता रुद्रयोनि नमोऽस्तुते ॥२॥

પછી નીચે લખેલા ગાયત્રી મંત્રવડે આચમન કરવું.

ॐ भूर्भुवः स्वः ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियोयोनः प्रचोदयात् ॥

પછી જમણા હાથમાં જળ લઈ ડાબા હાથના અંગુઠાવડે નાકનું ડાબું છિદ્ર દબાવી રાખી જમણા નસ્કોરામાંથી થોડો પવન નીચેનો મંત્ર ભણી હથેળીના જળમાં કાઢવો.

॥ अघमर्षण मंत्रः ॥

ॐ द्रुपदादिव मुमुचानः स्विन्नः स्नातोमलादिव पूतं पवित्रेणे वाज्य मापः शुन्धन्तु मैनसः ॥

ત્યારબાદ મંત્રેલુ જળ પોતાની ડાબી બાજુ તે તરફ જોયા વગર ફેંકી દેવું.

ગાયત્રી મંત્રવડે શ્રી સૂર્યને ત્રણ અર્ધ્ય આસન ઉપર ઊભા થઇને આપવા, અને નીચેના મંત્રવડે સૂર્યનું ઊપસ્થાન કરવું.

॥ उपस्थान मंत्रः ॥

ॐ उदुत्यं जातवेदसं देवं वहन्ति केशवः। दृशे विश्वाय सूर्यम् ॥ १ ॥ ॐ चित्रं देवाना मुदगादनीकंचक्षुर्मित्रस्य वरुणस्याग्नेः ॥ आप्रा द्यावा पृथिवी अंतरिक्षं सूर्य आत्मा जगतस्तस्थुषश्च ॥ २ ॥ ॐ तच्चक्षुर्देवहितम् पुरस्ताच्छुक्रमुच्चरत् पश्येम शरदः शतम् जीवेम शरदः शतम् शृणुयाम शरदः शतम् पब्रवाम शरदः शतमदीनाः स्याम शरदः शतम् भूयश्च शरदः शतात् ॥

ઊપસ્થાન થઈ રહ્યા પછી ઊભા રહીને ૩૨૦ અથવા ૧૦૮ ૨૮ અથવા ૧૦ ગાયત્રી મંત્રનો જપ કરવો. જપ થઈ રહ્યા પછી નીચેના મંત્રથી ગાયત્રીનું વિસર્જન કરવું.

॥ विसर्जन मंत्रः ॥

ॐ उत्तरे शिखरे जाता भूम्यां पर्वत मूर्धनि ॥
रुद्रयोनि समुत्पन्ना गच्छ देवी यथासुखम् ॥

એ પ્રમાણે વિસર્જન કર્યા પછી અંતે સમાપ્તિ વખતે.

अनेन माध्यान्ह संध्याख्येन कर्मणा भगवान् श्री सांबसदाशीव परमेश्वरः प्रीयतानमम ॥ ॐ तत्सत् ब्रह्मार्पणमस्तु

॥ इति माध्यान्ह संध्या ॥

॥ अथ सायं संध्या ॥

સાયં સંધ્યા પણ પૂર્વાભિમુખે બેશીને કરવી તે અર્ઘ્ય પશ્ચિમ મુખે આપવા. સ્નાન કરી આસન ઉપર બેસવું. પછી ડાબા હાથમાં ભસ્મ લઇ તે ઉપર જમણો હાથ ઢાંકી નીચેના મંત્રથી ભસ્મને મંતરવી.

॥ भस्म मंत्रः ॥

ॐ अग्निरिति भस्म, वायुरिति भस्म, जलमिति भस्म, स्थलमिति भस्म, व्योमेति भस्म, सर्वं हवाइदं भस्म मन एतानि चक्षुंषि भस्मानि

એ મંત્રવડે મંત્રી તેમાં જળ નાખવું.

ॐ आपो ज्योति रसोऽमृतं ब्रह्म भूर्भुवः स्वरोम् ॥

પછી બન્ને હાથની વચલી ત્રણ આંગળીઓવડે તે ભસ્મને મસળતી વખતે નીચેનો મંત્ર બોલવો.

ॐ त्र्यंबकं यजामहे सुगांधिं पुष्टि वर्धनम् उर्वारुक मिव बंधनान्मृत्योर्मुक्षीयमामृतात्

પછી સૂર્યને પ્રદર્શિત કરી તે ભસ્મવડે લલાટ, કંઠ, હૃદય, ખભા, ને બાહુઓની સંધિઓ ઉપર ॐ **नमः शिवाय** એ મંત્રવડે ત્રિપુંડ્ર કરવાં.

પછી નીચેનો ગાયત્રી મંત્ર ભણીને શિખા બાંધવી.

ॐ भूर्भुवः स्वः ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियोयोनः प्रचोदयात् ॥

પછી નીચેના મંત્રવડે ત્રણ આચમન કરવાં.

ॐ भूः पुनातु ॥ ॐ भुवः पुनातु ॥ ॐ स्वः पुनातु ॥

પછી નીચે લખવામાં આવેછે તે મંત્ર બોલી માથા ઉપર જમણા હાથનાં આંગળાંવડે થોડું જળ છાંટવું એટલે માર્જન કરવું.

॥ मार्जन मंत्रः ॥

ॐ अपवित्रः पवित्रो वा सर्वावस्थां मतोऽपिवा ।
यः स्मरेत पुंडरीकाक्षं स बाह्याभ्यंतरः शुचिः

માર્જન થઇ રહ્યા પછી નીચેનો મંત્ર બોલી આસનને જળ છાંટવું.

ॐ पृथ्वि त्वया धृता लोका देवि त्वं विष्णुना धृता
त्वं च धारयमां देवि पवित्रं कुरु चासनम् ॥

ત્યાર પછી આચમન લઈ ત્રણ પ્રાણાયામ કરવા.

પ્રાણાયામ વિધિ—આંખો બંધ રાખી મોં બંધ કરીને જમણા હાથની ટચલી તથા તેની જોડેની આંગળીવડે નાકનું ડાબુ છિદ્ર બંધ કરી જમણે નસ્કોરેથી નીચે લખવામાં આવ્યો છે તે મંત્ર એકવાર બોલતાં સુધી શ્વાસ અંદર ખેંચવો (એ ક્રીયાનું નામ પૂરક છે.)

પછી અંગુઠાવડે નાકનું જમણું છિદ્ર પણ બંધ કરવું. ને બેવાર તેજ મંત્ર મનમાં ભણતાં સુધી શ્વાસને તદ્દન બંધ રાખવો. પછી ડાબુ નસ્કોરૂ ખુલ્લુ મુકી એકવાર તેજ મંત્ર મનમાં ભણતાં સુધી જેવી રીતે શ્વાસ લીધો હોય, તેવીજ રીતે ધીમે ધીમે પાછો શ્વાસ નીચે ઊતારવો. પુનઃ ઉપર કહેલી રીતે ડાબે નસ્કોરેથી ખેંચવો બન્ને નસ્કોરાં બે વખત ભણતાં સુધી બંધ રાખવાં, ને જમણે નસ્કોરેથી એકવાર મંત્ર ભણતાં સુધી ઉતારવો એટલે એક પ્રાણાયામ થયો. આવા ત્રણ પ્રાણાયામ કરવા.

॥ प्राणायाम मंत्रः ॥

ॐ भूः ॐ भुवः ॐ स्वः ॐ महः ॐ जनः ॐ तपः ॐ सत्यं ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियोयोनः प्रचोदयात् ॐ आपोज्योति रसोऽमृतं ब्रह्म भूर्भुवःस्वरोम् ॥

પછી નીચે બતાવેલી રીતે જળની આચમની ભરીને જમણા હાથમાં સંકલ્પ કરવો.

अत्राद्य महामांगल्यप्रदे अमुकमासे अमुकपक्षे अमुकतिथौ अमुकवासरे अमुकगोत्रोत्पन्नोहं यथा वर्तमान नक्षत्र

योग करण लग्न मूहुर्त्त समवाये शुभपूण्यतिथौ ममोपात्त दुरित क्षयार्थं सायं संध्योपासनमहं करिष्ये.

એમ બોલી આચમનીનું જળ તરભાણામાં નાંખવું પછી બન્ને હાથ જોડીને નીચેના મંત્રથી ગાયત્રીનું આવાહન કરવું.

॥ आवाहन मंत्रः ॥

ॐ वृद्धां सरस्वतिं कृष्णां पीतवस्त्रां चतुर्भुजाम्
शंख चक्र गदा पद्म हस्तां गरुड वाहिनीम् ॥
बद्र्याश्रममावासामायाति सूर्य मंडलात् ॥
आगच्छ वरदे देवी त्र्यक्षरे विष्णुवादिनी ।
भारति छंदमां मातर्विष्णुर्योनि नमोस्तुते ॥

ત્યાર પછી નિચે લખેલા ગાયત્રી મંત્રવડે આચમન કરવું.

ॐ भूर्भुवः स्वः ॐ तत्सवितुर्वरेण्यं भर्गोदेवस्य धीमहि धियोयोनःप्रचोदयात् ।

પછી જમણા હાથમાં જળ લઈ ડાબા હાથના અંગુઠાવડે નાકનું ડાબુ છિદ્ર દબાવી રાખી જમણા નસ્કોરામાંથી થોડો પવન નીચેનો મંત્ર ભણી હેથળીના જળમાં કાઢવો.

॥ अघमर्षण मंत्रः ॥

ॐ द्रुपदादिव मुमुचानः स्विन्नः स्नातो मलादिव ॥
पूतं पवित्रेणे वाज्य पापः शुन्धन्तु मैनसः ॥

અઘમર્ષણ કરી રહ્યા પછી આચમન લઇ સૂર્યની સામા ઊભા રહી અર્ઘ્યામાં જળ લઇ સૂર્યને નીચેના ગાયત્રી મંત્રથી ત્રણ અર્ઘ્ય આપવા. સંધ્યાનો વખત વિતિજાય તો એક અર્ઘ્ય વધારે એટલે ચાર અર્ઘ્ય આપવા.

॥ अर्घ्य मंत्रः ॥

ॐ भूर्भुवः स्वः ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियोयोनः प्रचोदयात् ॐ ॥

ગાયત્રી જપ બેશીને ૩૨૪ અથવા ૧૦૮ અથવા ૨૮ અથવા ૧૦ મંત્રનો જપ થઇ રહ્યા પછી ગાયત્રીનું નીચેના મંત્રથી વિસર્જન કરવું.

॥ विसर्जन मंत्रः ॥

ॐ उत्तरे शिखरे जाता भूम्यां पर्वत मूर्धनि ॥
विष्णुयोनि समुत्पन्ना गच्छ देवी यथा सुखम् ॥

ત્યારપછી સમાપ્તિમાં

अनेन सायं संध्याख्येन कर्मणा श्रीपरमेश्वरः प्रीयतां न मम ॐ तत्सत्ब्रह्मार्पणमस्तु ॥

॥ इति सायं संध्या ॥

॥ गायत्री शापमोचन मंत्रः ॥

वसिष्ठ शापविमोचन मंत्रस्य विग्रहानुग्रह कर्ता वसिष्ठ ऋषि विश्वोद्भवा गायत्री शक्ति देवता वसिष्ठस्या शाप विमोचनार्थे जपे विनियोगः

ઉપરનો મંત્ર ભણી સંકલ્પ કરવો પછી નીચેનો મંત્ર ભણવો.

अहो देवी महादेवि देव्ये संध्ये सरस्वति । अमरे अमरे चैव ब्रह्मयोनि नमोस्तुते । इति योनि मुद्रां प्रदर्श्य-देवि गायत्री वशिष्ठ शापाद् विमुक्ताभव ॥

ઉપરના મંત્રથી બે હાથ જોડીને પગે લાગવું.

॥ ब्रह्मानो शापमोचन मंत्रः ॥

ब्रह्म शाप विमोचन मंत्रस्य ब्रह्मा ऋषि कामदुघा गायत्री छंदः भुक्ति मुक्ति प्रदा ब्रह्मानु ग्रहीता गायत्री शक्तिर्देवता ब्रह्म शापविमोचनार्थे जपे विनियोगः

અનેન મંત્રથી સંકલ્પ કરવો.

गायत्री ब्रह्मेत्युपासित रुपं ब्रह्मविदेविदुः तांपश्यति । धीरा सुमनसा वाच मग्रत ॐ भगवति ब्रह्मशापाद् वि-मुक्ताभव ।

ઉપરના મંત્રથી પગે લાગવું.

विश्वामित्र शाप विमोचन मंत्रस्य नूतन सृष्टि कर्ता विश्वामित्र ऋषिः वाग्दोहा गायत्रि छंदः । विश्वामित्रानु ग्रहिता गायात्रि शक्ति दैवता विश्वामित्र शाप विमोचनार्थे जपे विनियोगः

ઉપરના મંત્રથી સંકલ્પ કરવો.

गायत्री भजानि अग्नि मुखी विश्वगर्भां यदुद्भवां देवां-श्चक्रिरे विश्व सृष्टि कर्ता कल्याणि मिष्टकारिं प्रपद्ये यन्मु-खानि सृतो खिल देव गर्भ । देवी गायत्री विश्वामित्र शापाद् विमुक्ताभव ॥

પછી ગાયત્રીને પગે લાગવું.

ત્રણે કાળમાં શાપમોચન ભણ્યા પછી ગાયત્રી જપ કરવો નહિતો શાપમોચન કર્યા વગર ગાયત્રી જપ નિષ્ફળ છે.

શ્રી

શ્રીમદ્ જગદ્ગુરૂ શંકરાચાર્યની કવિતા.

કૈલાસમાં એક દેવ નિરજનં સકળ સ્વરૂપ મહેશ્વરં. એ રાગ.

સૌ દેવમાં મહાદેવ મહીપર, સૃષ્ટિને સુખદાયકં,
વેદિક વિશ્વાધાર શિવજી લક્ષધા ગુણલાયકં.
ચૈતન્ય મઠ ચોદીશ ચળકે ઝળકે જ્યોત પ્રકાશકં,
ભુત ભૈરવ ડાકન્ય શાકન્ય વૈરી વેશ વિનાશકં.
ધર્મ મંડન પાખંડ ખંડન દૈત્યોને દુઃખ દાયકં,
એષ્ટ સારદાપિઠાધીશ સત્ય શિષ્યોને સુખ સહાયકં.
તિર્થ માધવ જગદ્ગુરૂજી મલિન મુળ વિદારણં,
શ્રી ભસ્મધારી જોગેશ્વર કલિ કાળમાં ભવતારણં.
શિષ્ય અચ્યુતાશ્રમ સ્વામિ ક્ષેત્ર કાશી સ્થાયકં,
સૌ દેવમાં મહાદેવ મહીપર સૃષ્ટિને સુખદાયકં.

દાસાનુદાસ કવિતા કરનાર
ભોળાનાથ રાજારામ કઠાક.
ઉમરેઠ.

